HGH INDIA 2017

HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE

JULY 4-6, 2017 MUMBAI, INDIA

# NEWS 3

A TEXZONE Event

Where business feels at home!

## એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭

# ચાર મોટા હોમ પ્રોડક્ટ ગ્રૂપ્સ


એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭નું આયોજન જુલાઈ ૪–૬, ૨૦૧૭ વચ્ચે બોમ્બે એક્ઝિબિશન સેન્ટર, ગોરેગાંવ (પશ્ચિમ), મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે, જે વેપારાર્થે આવતા મુલાકાતીઓ અને પ્રદર્શકોની અત્યાર સુધીની સૌથી મોટી સંખ્યાને આવકારવા માટે સજ્જ છે, જેથી તેમને ભારતીય માર્કેટ માટે આગામી ૨૦૧૭ની તહેવારો અને રીટેલ સીઝન માટે વ્યાપાર કરવા સક્ષમ બનાવી શકાય.




ભારતમાં ઉચ્ચ ક્ષમતા અને અનુભવ ધરાવતા માર્કેટિંગ અને ડિસ્ટ્રીબ્યુશન પાર્ટનર્સ શોધવા માટે આ ટ્રેડ શો એ આંતરરાષ્ટ્રીય પ્રદર્શકો માટેનું એક સમર્થ મંચ છે. આ સાથે જ, તે પ્રદર્શકોને યોગ્ય, લાંબાગાળાના આયાતકારો તેમજ ખરીદદારો સાથે સાંકળે છે, જે બાબત ભારત જેવા વિશાળ અને વૈવિધ્યતાપૂર્ણ દેશમાં ક્યારેક પડકાર સમાન હોય છે. હોમ ટેક્સટાઇલ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ્સ જેવા ક્ષેત્રોમાં પ્રદર્શકોને ભારતીય માર્કેટ સાથે જોડી શકાય તે માટે આ શોની ખાસ પ્રકારે રચના કરવામાં આવી છે.

એચજીએચ ઈન્ડિયા તેની વ્યાવસાયિક સેવાઓ અને અનુકૂળ આવે તેવા હોલના લેઆઉટ સાથે ફરી એકવાર મુલાકાતીઓને આહલાદક અનુભવ કરાવશે, જે આનંદદાયક અને વિશાળ હોવાની સાથે–સાથે પ્રોડક્ટ્સ અને કિંમતોની સરખામણી કરવી પણ સરળ બનાવે છે અને મુલાકાતીઓ માટે સોર્સિંગની અનુકૂળતા કરી આપે છે. હોમ ડેકોર, હોમ ટેક્સટાઇલ્સ (હોલ ૧), હાઉસ અને કિચનવેર તેમજ ગિફ્ટ્સ (હોલ ૫) માટે સુનિશ્ચિત કરાયેલા હોલમાં સારી રીતે વર્ગીકૃત કરાયેલ અને અગાઉથી નક્કી કરાયેલ ભાગમાં પ્રોડક્ટ્સનું પ્રદર્શન કરવામાં આવે છે.

મુલાકાતીઓ નવીનીકરણની અને નવા સ્રોતોની વ્યાપક શ્રેણી નીચે મુજબ મેળવી શકે છે:



**હોમ ટેક્સટાઇલ્સ (હોલ ૧):** બેડ અને બાથ લિનન, સુશોભિત પથારીઓ, સ્નાન માટેની એસેસરિઝ, ગાદલા, ઘરની સામગ્રી અને પડદાના ફેબ્રિક્સ, સજાવટી ફેબ્રિક્સ, ઓશિકાના કવર, દરીઓ અને ફરસના કવરિંગ્સ, ટેબલ અને રસોડાના લિનન તેમજ ઈન્ટિરિયર હોમ ડેકોર માટે ઉપયોગમાં લેવામાં આવતા અન્ય ટેક્સટાઇલ્સ.



**હોમ ડેકોર (હોલ ૧):** વોલપેપર્સ, બ્લાઈન્ડ્સ, પાથરણા અને શેતરંજી, લાકડા અને સિન્થેટિક ફ્લોરિંગ્સ, વિવિધ સુગંધીઓ, અરીસા, ફ્રેમ્સ, ગ્લાસવેર, નકલી ફૂલો, મીણબત્તીઓ, ઘડિયાળો, સજાવટી લાઇટ્સ અને પંખા, ટેબલ ટોપ્સ અને સજાવટી એસેસરિઝ અને નાના કદના ફર્નિચર




**હાઉસવેર (હોલ ૫):** ટેબલવેર, કિચનવેર, કૂકવેર, રસોડામાં ઉપયોગી ચીજવસ્તુઓ, હોમ અને કિચન એપ્લાયન્સિસ, બાથરૂમમાં ઉપયોગી ચીજવસ્તુઓ, સંગ્રહિત કરવા માટેની ચીજો, સફાઈ અને જાળવણી કરવા માટેની ચીજો, આઉટડોર લિવિંગ



**ગિફ્ટ્સ (હોલ ૫):** બિઝનેસ ગિફ્ટ્સ, કમ્પ્યૂટર અને ફેશનની એસેસરિઝ, કસ્ટમાઇઝ્ડ અને પર્સનલ ગિફ્ટ આર્ટિકલ્સ, ચામડાની ચીજવસ્તુઓ, હેન્ડબેગ્સ, ફોટો આર્ટિકલ્સ, રમકડા અને અલબત્ત પેકેજિંગ અને ગિફ્ટ તરીકે આપી શકાય તેવી ચીજવસ્તુઓ, ઘરેણાના બોક્સ.

એચજીએચ ઈન્ડિયાએ તેના પ્રદર્શકો, મુલાકાતીઓની સંખ્યા અને પ્રોડક્ટ પ્રોફાઇલના રૂપે વર્ષ પ્રતિ વર્ષ વિકસવાનું ચાલુ રાખ્યું છે. હવે તેની છઠ્ઠી વાર્ષિક આવૃત્તિમાં તેની વધતી જતી લોકપ્રિયતા તેના ખૂબ જ કેન્દ્રિત બિઝનેસલક્ષી અભિગમને, તેના પ્રદર્શકો દ્વારા પ્રોડક્ટ્સ અને ડિઝાઇન્સના રૂપે સતત કરવામાં આવતા નવીનીકરણને, મુલાકાતીઓ અને વ્યાવસાયિકોની ગુણવત્તા પર આકરા નિયંત્રણને અને બિઝનેસ જેવા વાતાવરણને આભારી હોઈ શકે છે.

એચજીએચ ઈન્ડિયા દ્વારા ટ્રેન્ડ અંગેની માહિતી અને માર્કેટ રીસર્ચ પર મૂકવામાં આવતો ભાર તેના પ્રદર્શકો અને મુલાકાતીઓને કેટલીક મહત્વની માહિતી પૂરી પાડે છે, જે તેમના બિઝનેસના પ્રયાસો માટે ટેકારૂપ બને છે.



HGH INDIA 2017

HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE

HGH India 2017
Timings (July 4-6, 2017)

For Exhibitors
08:00 am to 07:30 pm(All days)
(During the trade show days)

For Visitors
4th July: 9:00 am - 06:30 pm
5th July: 9:00 am - 06:30 pm
6th July: 9:00 am - 05:00 pm

નવીનતાઓ ■ પ્રવાહો ■ ઉત્પાદનો ■ પ્રાપ્તિસ્થાનો ■ અવસરો

## એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭ : અહીં પ્રાપ્તિસ્થાન બને છે ૫૦૦ બ્રાન્ડ અને નિર્માતાઓ

# વધુ સુવિધા અને કાર્યક્ષમતા પ્રદાન કરતા કિચનવેર







વિકસિત દેશોમાં તેમના આંતરરાષ્ટ્રીય સમકક્ષોની જેમ જ ભારતમાં પણ ગ્રાહકો સ્વાસ્થ્યપ્રદ, ઝડપી અને સુરક્ષિત રીતે રાંધવા અંગે વધુને વધુ વાકેફ થઈ રહ્યા છે. આ ઉપરાંત, ભારતીય રસોડાઓ ટ્રેન્ડી અને ટેકનોલોજીથી સજ્જ બની રહ્યા છે. આમ, પરંપરાગત શ્રેણીના કૂકવેર અને રસોઈના સાધનો ઉપરાંત ગ્રાહકો હવે વધુ આધુનિક કિચનવેર અને એપ્લાયન્સિસ ખરીદવાને પ્રાધાન્ય આપી રહ્યા છે, જે રસોઈ બનાવવાને વધુ સુવિધાજનક અને કાર્યક્ષમ બનાવે છે. આ સાથે જ, આજે આ સેગમેન્ટમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતા ઉત્પાદનોની માંગ પ્રતિ વર્ષ ૨૦%ના દરે વધી રહી છે, જે આ દેશને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ અને પ્રોડક્ટ ઇનોવેટર્સ માટે ખૂબ જ આકર્ષક માર્કેટ બનાવી દે છે. જોસેફ જોસેફ કિલનેર, ટાયફૂન (યુકે), પેડરિનિ (ઇટાલી), ટ્રુડેઉ (કેનેડા), મેસન કેશ, પોલી ટાઇમ, રેન્ગા અવસર (તુર્કી), ટીટીઝ, હાઇક (ચીન), ટીવીએસ (ઇટાલી), અને (તુર્કી) જેવી ખ્યાતનામ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭ ખાતે પોતાની શ્રેણીનું પ્રદર્શન કરશે.

માર્કેટમાંથી સંકેત લઈ ભારતમાં પણ માર્કેટ લીડર્સ કિચનવેર, કૂકવેર, કિચન એપ્લાયન્સિસ અને હોમ એપ્લાયન્સિસની વ્યાપક શ્રેણી ઓફર કરવાનું શરૂ કર્યું છે, જે વધુ મોડર્ન અને શહેરી જીવનશૈલી પસંદ કરનારા ગ્રાહકો પર લક્ષિત છે. ટીટીકે પ્રેસ્ટિજ, બોરોસિલ, બાલટ્રા અને રોક્સ જેવી સુવિખ્યાત બ્રાન્ડ્સ રીટેલર્સને તેમની લેટેસ્ટ શ્રેણી રજૂ કરશે.

બેકવેરની વ્યાપક શ્રેણી ઉપરાંત કિચન સ્ટોરેજ, ફૂડ સ્ટોરેજ અને ક્લિનિંગના ઉત્પાદનો પણ બોરોસિલ, એલિયા ગ્લાસ, ગ્લાસલોક, પાયરેક્સ, ક્રોસનો જેવી બ્રાન્ડ્સ દ્વારા રજૂ કરવામાં આવશે.

એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭ ભારતીય ગ્રાહકોના કિચન પ્રત્યે બદલાયેલા વલણને સ્પષ્ટપણે પ્રતિબિંબિત કરે છે અને રીટેલર્સને ગ્રાહકોના આ બદલાયેલા વલણ અનુસાર તેમના સ્ટોરનો માલ નક્કી કરવાની પૂરતી તકો પૂરી પાડે છે. ભારતીય રસોડાને વધુ સુવિધાજનક અને કાર્યક્ષમ બનાવવા આંતરરાષ્ટ્રીય અને ભારતીય એમ બંને બ્રાન્ડ્સ અને મેન્યુફેક્ચરર્સ તેમની અત્યાર સુધીની સૌથી વ્યાપક અને સૌથી વૈવિધ્યપૂર્ણ પ્રોડક્ટ્સની શ્રેણી રજૂ કરશે.

'૨૦૨૨ સુધીમાં તમામ માટે ઘર' યોજના અંતર્ગત ભારત સરકાર ૨ કરોડ નવા ઘર બાંધવાનો વિચાર કરી રહી હોવાથી જો પ્રત્યેક પરિવાર કિચન એપ્લાયન્સિસ પર રૂ. ૫૦૦૦/– જેટલો સાવ ઓછો સરેરાશ ખર્ચ પણ કરે તો આ કેટેગરીમાં રૂ. ૧૦,૦૦૦ કરોડની વધારાની માંગ જોવા મળશે.

# સ્ટોરેજ અને જનરલ હાઉસવેર





ઝડપથી વધી રહેલી શહેરી જીવનશૈલી, વિભક્ત કુટુંબો, સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતિ અને સરેરાશ ઘરોના નાના આકારને કારણે ઘટી ગયેલી જગ્યાઓ પર વધેલા દબાણની દ્રષ્ટિએ સ્ટોરેજ અને જનરલ હાઉસવેર એ ભારતીય માર્કેટમાં વિકસી રહેલી કેટગરીઓ છે.

ઘી બધી ભારતીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ અને મેન્યુફેક્ચરર્સ આ કેટગરીઓમાં અને પ્લાસ્ટિક, સ્ટેઇનલેસ સ્ટીલ, એલ્યુમિનિયમ, લાકડું અને વિવિધ સામગ્રીના સંયોજન જેવા મટીરિયલ્સમાં સોલ્યુશન્સની વ્યાપક શ્રેણી લઈ આવશે. ખાદ્ય પદાર્થને નિયંત્રિત તાપમાને અને તાજો રાખવો, રાંધેલો કે કાચો રાખવો એ આજે એક મોટો પડકાર બની ગયેલ છે, જે પણ નવા ઉકેલો માંગી લે છે. આ પ્રકારના ઉકેલો આપતી ઘણી નવી પ્રોડક્ટ્સ રીટેલર્સને એચજીએચ ઈન્ડિયા ખાતે મળી રહેશે. જગ્યા બચાવતું જનરલ હાઉસહોલ્ડ સ્ટોરેજ એ આ વર્ષે માંગમાં હોય તેવી વધુ એક મોટી કેટેગરી હશે.

સ્ટોરેજ અને હાઉસવેર પ્રોડક્ટ્સ ઓફર કરતા આંતરરાષ્ટ્રીય પ્રદર્શકોમાં કર્વર, ડીકેડબ્લ્યૂ, બોક્સ બોક્સ, યુકસન પ્લાસ્ટિક, હેવર્ડ્સ, હાઈ–પાસ પ્લાસ્ટિક, બ્રાબેન્ટિયા, લ્યુક્સ, એજ આયર્નિંગ બોર્ડ્સ એન્ડ સ્ટેપ લેડર્સ, ટીટીઝ અને ટોઉપકુ પ્લાસ્ટિકનો સમાવેશ થાય છે. નવીન શ્રેણી ઓફર કરતા ભારતીય પ્રદર્શકોમાં વરમોરા, જોયો, ઓલ ટાઇમ પ્લાસ્ટિક, પારસ પ્લાસ્ટિક્સ અને બીજા ઘણાનો સમાવેશ થાય છે.

# સફાઈ અને સ્વચ્છતા

ભારત સરકાર 'સ્વચ્છ ભારત' પર ભાર મૂકી રહી છે અને શહેરી તેમજ ગ્રામ્ય ભારતીય ગ્રાહકોના તમામ વર્ગો આ ફિલસૂફીને સ્વીકારી રહ્યા છે ત્યારે સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને સફાઈ એ ભારતીય ગ્રાહકોમાં આવેલ નવીસવી જાગૃતિના વિષયો છે.

એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭એ પહેલીવાર સફાઈ અને સુખાકારીની કેટેગરીનું વિસ્તરણ કર્યું છે. આ ટ્રેડ શોએ સફાઈ અને સ્વચ્છતાને લગતી પ્રોડક્ટ્સમાં એર પ્યુરિફાયર્સ, વોટર પ્યુરિફાયર્સ, હ્યુમિડિફાયર, બૂટ ડ્રાયર્સ, ઓઝોન જનરેટર, પીટીસી હીટર, સેન્સર ટ્રેશ કેન્સ, કમ્પ્રેસ્ડ ટોવેલ્સ, ક્લિનિંગ ટ્રોલીઝ, બ્રૂમ્સ, મોપ્સ અને બ્રશિઝ, મોપ બકેટ્સ, લોન્ડ્રી બેગ્સ, બેબી ડાયપર્સ, એડલ્ટ ડાયપર્સ, સેનિટરી નેપ્કિન્સ, વાઇપ્સ વગેરે જેવી કેટલીક નવી પ્રોડક્ટ્સનો ઉમેરો કર્યો છે. મુલાકાતીઓ હોલ ૫માં આ કેટેગરીમાં વ્યાપક શ્રેણી જોઈ શકશે. જેમાં તાઇવાનના કુઆનઝોન યુનિયન, કુઆનઝોઉ ડોન્ગેજી, ફુજિયાન નેશિદા, ફુઝોઉ નાઇનસ્ટાર્સ, તુર્કીના યુગ્લુયર પ્લાસ્ટિક અને અબ્દિક પ્લાસ્ટિક્સ તેમજ ચીનના ડોન્ગગુઆન એક્સેલ, ગુઆન્ગઝોઉ હાઇક, ઝોન્ગશાનએર, ગુઆન્ગઝોઉ રોસોન જેવા પ્રદર્શકોનો સમાવેશ થાય છે.

**વધુ માહિતીઃ www.hghindia.com ■ ફોન. મુંબઈઃ +૯૧ ૨૨ ૨૪૨૧ ૪૧૧૧ ■ દિલ્લી : +૯૧ ૧૧ ૨૫૭૧ ૪૧૧૧ ■ ઈમેલ : info@hghindia.com**

# ટેબલવેરઃ ખૂબ જ ઝડપથી વિકસી રહેલી કેટેગરી

એચજીએચ ઈન્ડિયા ખાતે હોલ ૫ અને ૫ એમાં સ્થિત ટેબલવેર અને ડીનરવેરના વિભાગે સતત ચોથા વર્ષે વિસ્તરવાનું ચાલુ રાખ્યું છે, જે ભારતમાં ક્રોકરી, ડીનરવેર, ડ્રીંકવેર, કટલરી, પેપર મિલ્સ, બાર એસેસરીઝના અને ક્રિસ્ટલ, ગ્લાસ, સીરામિક, પોર્સેલિન અને મેલામાઇનમાં તેના જેવી અન્ય પ્રોડક્ટ્સના વિકસી રહેલા માર્કેટનું સ્પષ્ટપણે પ્રતિબિંબ પાડે છે.

ક્રિસ્ટલ અને ગ્લાસવેરમાં નેક્ટમેન, બોરમિઓલી રોક્કો, ક્રિસ્ટલાઇટ બોહેમિયા, દુરોબોર, ક્રિસ્ટલ ડ્રેક્સ, સ્પિગલેઉ, વોલ્ઘર ગ્લાસવેર, બોર્ગોનોવો, કુડોસ, લ્યુમિનાર્ક જેવી યુરોપની ટોચની આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ તેમના ભારતીય પાર્ટનર્સ મારફતે ઉપસ્થિત રહેશે. તે જ રીતે, ટેબલવેર માટે વિશ્વના અન્ય ભાગોની સુવિખ્યાત આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ જેવી કે, નોરિટેક, દાન્કોટુવા, કોરેલે, ઓશિયન, લકી ગ્લાસ, સુપરવેર તેમના ભારતીય ટ્રેડ પાર્ટનર્સ મારફતે તેમની લેટેસ્ટ શ્રેણીનું પ્રદર્શન કરશે.













મુલાકાતીઓ ભારતની ટોચની બ્રાન્ડ્સની વ્યાપક પ્રોડક્ટ રેન્જનું પણ અન્વેષણ કરી શકશે, જેમાંની કેટલીક બ્રાન્ડ્સ તો તેમની સંબંધિત કેટગરીઓમાં માર્કેટ લીડર્સ છે. તેઓ એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭ મારફતે તેમના નવા કલેક્શન્સનું અનાવરણ કરશે. જેમાં બોરોસિલ, ભારત પોટરીઝ, ક્લે ક્રાફ્ટ, લારાહ, લા–ઓપાલા, બીપી ભારત, ગ્રે રોઝ, સોનાકી, સર્વવેલ, ડાઇનવેલ, રોક્સ, લાયરા ગ્લાસવેર, હંસા વગેરેનો સમાવેશ થાય છે. એફએનએસ, સંજીવ કપૂર, એડબ્લ્યૂકે પણ તેમની સ્ટેઇનેલેસ સ્ટીલ અને લાઇફસ્ટાઇલ કટલરીની નવી શ્રેણી પ્રદર્શિત કરશે.

# નવીન પ્રકારના વોલપેપર્સ









વોલપેપર્સે ભારતમાં હોમ ડેકોર માર્કેટના વિકાસનું નેતૃત્વ કરવાનું ચાલુ રાખ્યું છે, ઈકોનોમી, પ્રીમિયમ અને લક્ઝરી જેવા તમામ સેગમેન્ટમાં તેની માંગમાં વાર્ષિક ૫૦%થી વધુનો વધારો નોંધાયો છે. ભારતીય ગ્રાહકો પેઇન્ટ્સ અને ફેબ્રિક્સને સ્થાને વોલપેપર્સ, ફર્નિશિંગ ફેબ્રિક્સ, હોમ ડેકોરની માંગ કરી રહ્યા હોવાની સાથે–સાથે સમગ્ર દેશના હાર્ડવેર સ્ટોર્સ તેમના પરંપરાગત માલ સિવાય વોલપેપર્સનો વધુને વધુ સંગ્રહ કરી રહ્યા છે.

મુલાકાતીઓ માર્શલ્સ, એશિયન પેઇન્ટ્સની નિલયા, કાસામેન્સ, ડિઝાઇનર્સ ગિલ્ડ, એફ એન્ડ એફ, ડિવાઇન, એલજી, વોલ કિંગ, ગ્રીનટિરિયર્સ, એચ એન્ડ એચ, એડોનિસ, આર્ટે, કોલ એન્ડ સન્સ, ઓસબોર્ન એન્ડ લીટલ જેવી બીજી ઘણી બ્રાન્ડ્સના લેટેસ્ટ ડિઝાઇન ટ્રેન્ડ્સ જોઈ શકશે.

ભારત કોઈપણ પ્રકારના વોલપેપરનું ઉત્પાદન નથી કરતો અને તમામ કિંમતો તેમજ ક્વોલિટી સેગમેન્ટ્સમાં રહેલી સમગ્ર માંગને આયાત દ્વારા પૂરી કરવામાં આવે છે તે વાતને ધ્યાનમાં રાખીએ તો આ દેશ એક તરફ આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ અને મેન્યુફેક્ચરર્સને અને બીજી તરફ વોલપેપર્સના ભારતીય આયાતકારો અને રીટેલર્સને વ્યાપક તક આપવાનું ચાલુ રાખશે. એચજીએચ ઈન્ડિયાએ આ ટ્રેન્ડનું પ્રતિબિંબ પાડવાનું ચાલુ રાખ્યું છે.

# સુગંધીઓ, શુષ્ક અત્તર, મીણબત્તીઓ અને સ્પા

ભારતમાં સુગંધિત પદાર્થો, એરોમા ઓઇલ્સ, સૂકા ફૂલો, શુષ્ક અત્તર, સુશોભિત મીણબત્તીઓ, સુખાકારી અને સ્પાના ઉત્પાદનોની માંગ પ્રતિ વર્ષ ૨૫%ના દરે વધી રહી છે. આ પ્રમાણમાં નવી પ્રોડક્ટ લાઇન્સની લોકપ્રિયતા ભારતીય ગ્રાહકોમાં વધી રહી છે અને આથી રીટેલર્સમાં પણ તેની લોકપ્રિયતા વધી છે. તે ઇન્સ્ટિટ્યુશનલ, પર્સનલ અને કોર્પોરેટ ગિફ્ટિંગના સેગમેન્ટમાં પણ લોકપ્રિય થઈ રહ્યા છે.

ખાસ કરીને ભારતના શહેરી ગ્રાહકો સ્વાસ્થ્ય, સુખાકારી અને આરામદાયક જીવનશૈલી પ્રત્યે વધુ સભાન બની રહ્યા છે અને તેઓ આવા સમકાલીન ઉત્પાદનોને અપનાવી રહ્યા છે. લાઇફસ્ટાઇલ અને હોમ રીટેલર્સને હવે આવી પ્રોડક્ટ્સ ખૂબ જ આકર્ષક લાગી રહી છે, જેથી તેઓ તેમના સ્ટોર્સ સુધી ગ્રાહકોને ખેંચી લાવી શકે.

એચજીએચ ઈન્ડિયા ખાતે નેચર્સ મેનિયા, ન્યાસા, રોઝમૂર, સોંગ ઓફ ઈન્ડિયા, પેન એરોમાઝ જેવી ટોચની બ્રાન્ડ્સ તેમની સંપૂર્ણ શ્રેણીને પ્રદર્શિત કરશે. મોટાભાગના આ પ્લેયર્સ ટોચના નિકાસકારો છે અને હવે તેઓ સારા પ્રતિભાવને પગલે ભારતના સ્થાનિક માર્કેટ તરફ વળી રહ્યા છે.







# ભેટસોગાદો (ગિફ્ટ્સ)




સાંસ્કૃતિ રીતે ભારત ભેટસોગાદો પાછળ મોટો ખર્ચ કરનારો દેશ છે. તેમ છતા આ માર્કેટ ખૂબ જ અસંગઠિત અને અવિકસિત છે અને સહભાગીઓના પૂરતા પ્રયાસોને અભાવે ખાસ કરીને રીટેલ ક્ષેત્રે અસંગઠિત અને અવિકસિત છે. સારા ગિફ્ટ પેકેજિંગ, વિશિષ્ટ રીટેલ સ્ટ્રક્ચર, પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને માર્કેટિંગના વિકાસ જેવા ક્ષેત્રોમાં ખૂબ જ ઓછું કામ થયું છે.

અને તેમ છતા હાલમાં જેનું મૂલ્ય પ્રતિ વર્ષ ૩૦ બિલિયન યુએસડીથી વધુ થવા જાય છે તેવા ભારતના પર્સનલ અને કોર્પોરેટ ગિફ્ટ્સનું માર્કેટ સમગ્ર વિશ્વમાં સૌથી આકર્ષક ગણાય છે. ભારતમાં પર્સનલ અથવા તો 'ઇમોશનલ ગિફ્ટિંગ' અને કોર્પોરેટ અથવા તો 'પ્રમોશનલ ગિફ્ટિંગ' એમ બંને પ્રકારના માર્કેટ ૨૦-૨૫%ના દરે વિકસવાના ચાલુ છે.

કોર્પોરેટ અને ઇન્સ્ટિટ્યુશનલ ગિફ્ટ ખરીદનારાઓ માટે એચજીએચ ઈન્ડિયા ખાતે ગિફ્ટિંગ સોલ્યુશન્સની મોટી સંખ્યા ઉપલબ્ધ છે. ગિફ્ટના ટ્રેડર્સ અને સપ્લાયર્સ બેડ લિનન, ટોવેલ્સ, ડેકોરેટિવ મેડ-અપ્સ, ગ્લાસવેર, સીરામિક્સ, પ્લાસ્ટિક્સ, ફૂકવેર, બાર એસેસરીઝ, ડેકોરેટિવ એસેસરીઝ, મીણબત્તીઓ, સુગંધિત પદાર્થો, હસ્તકલા, પેકેજિંગ, કોર્પોરેટ ગિફ્ટ આઇટમ્સ અને તેના જેવી બીજી ઘણી બધી કેટેગરીઓમાં વ્યાપક ઉત્પાદનકર્તાઓ અને બ્રાન્ડ્સ સાથે નેટવર્ક સ્થાપી શકે છે.

ભારતમાં સંગઠિત ગિફ્ટ માર્કેટના પથ-પ્રદર્શક આર્ચિઝ પોતાની નવી પહેલ સાથે એચજીએચ ઈન્ડિયા ખાતે પ્રદર્શન કરશે, જેને મુલાકાતીઓ શોમાં જોઈ શકશે. આ સેગમેન્ટમાં વિશિષ્ટ ગિફ્ટિંગ આઈડિયા ઓફર કરનારા અન્ય પ્રદર્શકોમાં મલ્હાર, એથેનિક ક્લોક્સ, કોકટેલ, એક દો ઢાઈ, ગાબિઆહ, ફોર વોલ્સ, સખી હેન્ડીક્રાફ્ટ્સ, એપીજે એક્સપોર્ટ્સ, તાઇવાનિઝ કંપનીઓનો સમાવેશ થાય છે.

# એ TEXZONE ઈવેન્ટ

એચજીએચ ઈન્ડિયાનું આયોજન ટેકસઝોન ઇન્ફોર્મેશન સર્વિસિઝ પ્રા. લિ. દ્વારા કરવામાં આવે છે. આ કંપની મુંબઈ અને નવી દિલ્હી ખાતે પોતાની ઓફિસ ધરાવે છે. ટેક્સઝોન બીરબી સોલ્યુશન્સ પૂરી પાડનારી વિશિષ્ટ કંપની છે, જે હોમ ટેક્સટાઇલ્સ, ફર્નિશિંગ્સ, હોમ ડેકોર, હાઉસવેર, ગિફ્ટ્સ, ક્લોથિંગ, ફેશન અને લાઇફસ્ટાઇલ સેગમેન્ટ્સમાં વિશેષિત પ્રોડક્ટ્સ અને સર્વિસિઝ ઓફર કરે છે.

ટેક્સઝોનના પ્રકાશન, ટ્રેડ શો, પરિષદો, કમ્યુનિકેશન્સ અને બિઝનેસ પ્રમોશન સર્વિસિઝમાં બિઝનેસ હિતો રહેલા છે. તેની પ્રવૃત્તિઓ ભારતીય અને આંતરરાષ્ટ્રીય માર્કેટ્સમાં માર્કેટિંગ, માર્કેટ ડેવલપમેન્ટ, સંશોધન, વેપાર સંબંધિત સુવિધાઓ, ફેશન અને ટ્રેન્ડની આગાહી, ડિઝાઇન અને પ્રોડક્ટનું નવીનીકરણ, આયાત, નિકાસ, વિતરણ અને રીટેલિંગની આસપાસ ફરે છે.

ટેક્સઝોનના પ્રકાશનો અને સેવાઓ વૈશ્વિક પહોંચ ધરાવે છે. કંપનીના ગ્રાહકોમાં ટોચના ભારતીય અને આંતરરાષ્ટ્રીય ઉત્પાદનકર્તાઓ, આયાતકારો, નિકાસકારો, બ્રાન્ડ્સ, સરકારો, સંસ્થાઓ, નિકાસને પ્રોત્સાહન આપનારા મંડળો અને વ્યાપારી મંડળોનો સમાવેશ થાય છે. એચજીએચ ઈન્ડિયાને એક્સપો+કન્સલ્ટિંગ એસોસિયેટ્સ, જર્મની દ્વારા ટેકો પૂરો પાડવામાં આવે છે, જે બિઝનેસ અને સંસ્થાગત માર્કેટ્સને તેમના બિઝનેસ માટે ફેશન આધારિત કન્ઝ્યુમર ગુડ્સ ઈન્ડસ્ટ્રીઝના બિઝનેસ માટે ટ્રેડ શો અને માર્કેટ ડેવલપમેન્ટ સર્વિસિઝ પૂરી પાડનારી એક વિશેષ કંપની છે.

## મુલાકાતીઓ અને પ્રદર્શકો માટે એચજીએચ ઈન્ડિયા ૨૦૧૭ ખાતે સેવાઓ

- વીઆઈપી લાઉન્જ
- ફૂટ લાઉન્જ
- પોપકોર્ન લાઉન્જ
- આઇસક્રીમ લાઉન્જ
- ફૂડ કોર્ટ
- હોટ લાઉન્જ
- કિડ્સ કેર એરીયા
- બિઝનેસ સેન્ટર
- કાર હાયર
- કુરીયર સેવાઓ
- હોટેલ એકોમોડેશન્સ
- લેફ્ટ લગેજ
- તબીબી સેવાઓ
- પાર્કિંગ (મુલાકાતી)
- પ્રાર્થના કક્ષ
- રેસ્ટોરન્ટ્સ/કેફેટેરીયાસ
- ટેક્સી
- પ્રવાસ સેવાઓ
- અમ્બ્રેલા સર્વિસીસ
- ફ્રી શટલ બસ સેવા